૦૨૬૭૨ ૨૪૧૪૮૧

જા.નં.જી.૨.ગ.અ./૧૫૨૨૫/૨૦૧૬
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી
બહુમાળી ભવન, જિલ્લા સેવા સદન
ભાગ–૨, પ્રથમ માળે, રૂમ નં–૩૫
ગોધરા જિ. પંચમહાલ
તા. ૨૭/૦૮/૨૦૧૬

પ્રતિ,
૧. બી.આર.સી. તમામ, પંચમહાલ જિલ્લો.
૨. સી.આર.સી.શ્રી તમામ, પંચમહાલ જિલ્લો.
૩. તાલુકા શિક્ષણાધિકારીશ્રી તમામ, પંચમહાલ જિલ્લો.
૪. આચાર્યશ્રી, પ્રાથમિક શાળાઓ તમામ પંચમહાલ જિલ્લો,
૫. આચાર્યશ્રી, માધ્યમિક તથા ઉં.મા.શાળાઓ તમામ પંચમહાલ જિલ્લો,
૬. પ્રિન્સીપાલશ્રી, આટર્સ, કોમર્સ, સાયન્સ કોલેજ તમામ પંચમહાલ જિલ્લો.

**વિષય :– ખેલમહાકુંભ–૨૦૧૬ રજીસ્ટ્રેશન બાબત.**
**સંદર્ભ :– સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના**
તા.૧૬/૦૮/૨૦૧૬ના પરીપત્ર નં.એસ.એ.જી.ખે.મ.કું.૨૦૧૬–૧૭

સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા ચાલુ વર્ષે તા.૩૦/૦૯/૨૦૧૬ થી તા.૦૩/૧૨/૨૦૧૬ દરમ્યાન ખેલમહાકુંભ–૨૦૧૬નું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં શાળા/ગ્રામ્ય, તાલુકા/ઝોનકક્ષા, જિલ્લા અને છેલ્લે રાજયકક્ષાની સ્પર્ધાઓનુ આયોજન હાથ ધરાશે.

વધુમાં આ વર્ષે ડાયટ ધ્વારા આયોજીત રમતોત્સવને અલગ ન યોજતા ખેલમહાકુંભમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

ખેલમહાકુંભ–૨૦૧૬માં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત હોઈ નીચે મુજબની સુચનાઓનુ પાલન કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

- ખેલમહાકુંભ–૨૦૧૬નું ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૧૫/૦૯/૨૦૧૬ સુધી કરવામાં આવશે.
- ઓનલાઈન રજીસ્ટ્રેશન WWW.KHELMAHAKUMBH.ORG ની વેબ સાઈટ પરથી તેમજ એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન થી થઈ શકશે.
- ૯ વર્ષ થી નીચે, ૧૧ વર્ષથી નીચે, ૧૪ વર્ષથી નીચે, ૧૭ વર્ષથી નીચેના ખેલાડીઓએ જે તે શાળા માંથી રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે.
- જે ખેલાડીઓ હાલ શાળામાં અભ્યાસ કરતા નથી તેવા અં–૯, અં–૧૧, અં–૧૪ અને અં–૧૭ રમતોમાં ભાગ લેવા માટે નજીકની શાળા માંથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.
- કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓએ જે તે કોલેજ માંથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- તાલુકાકક્ષાએ બી.આર.સી. ભવન ખાતે નોડલ રજીસ્ટ્રેશનની સુવિધા હોઈ, વિદ્યાર્થીઓ, અભ્યાસ ન કરતા રમતવિરો, નાગરીકો રજીસ્ટ્રેશન કરાવી શકશે. અને તેનુ સંકલન તાલુકાકક્ષાની અમલીકરણ સમીતીના સભ્ય સચીવશ્રી, બી.આર.સી. એ કરવાનુ રહેશે.
- **શાળામાં ભણતા ઓપન એજગૃપના ખેલાડીઓએ પણ શાળા માંથી રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.**
- શાળા/કોલેજ તેમજ નોડલ રજીસ્ટ્રેશન સેન્ટર અંગેનો પાસવર્ડ સ્કુલ/કોલેજ તેમજ નોડલ રજીસ્ટ્રેશન સેન્ટરના જવાબદાર વ્યકિતને આપવાનો રહેશે અને તેમના ધ્વારા રજીસ્ટ્રેશનની કામગીરી થાય તે જોવાનુ રહેશે.
- ચાલુ વર્ષે ઈ ગ્રામ મારફતે રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહી. જેથી ૧૭ વર્ષથી ઉપર તથા ૪૦ વર્ષ ઉપર તથા ૬૦ વર્ષ ઉપરના ખેલાડીઓએ ઓનલાઈન વેબસાઈટ WWW.KHELMAHAKUMBH.ORG થી કરવાનું રહેશે.

દરેક શાળાએ ઓછામાં ઓછી એક રમતમાં ભાગ લેવાનો હોય ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. સ્પર્ધાના આયોજન સંચાલન તથા સ્થળ તારીખ વગેરે વિગતો હવે પછી થી અલગથી જણાવવામાં આવશે.

website

| | | |
|---|---|---|
| જિલ્લા રમતગમત અધિકારી | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | જિલ્લા શિક્ષણાધિકારી |
| પંચમહાલ | પંચમહાલ | પંચમહાલ |

**નકલ સવિનય રવાના :–**
૧. મે. કલેકટરશ્રી, પંચમહાલ